ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેકટર-૧૦-એ, ગાંધીનગર
માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.
અપીલ નં- અ-૧૧૩૬-૨૦૨૫

વિવાદી : શ્રી વિપુલ મનોજભાઈ પટેલ
નારણલાલા સાંસ્કૃતિક ભવનની સામે,
ઝવેરી સડક,,
મું.તા.જી. નવસારી - ૩૯૬૪૪૫
વિરુધ્ધ

પ્રતિવિવાદી : (૧) જાહેર માહિતી અધિકારી
તલાટી કમ મંત્રી
દુબળ ફળિયા ગ્રામ પંચાયતની કચેરી
મું.દુબળ ફળિયા, તા. વાંસદા
જી. નવસારી - ૩૯૬૫૮૦

(૨) અપીલ સત્તાધિકારી
તાલુકા વિકાસ અધિકારી
તાલુકા પંચાયતની કચેરી
મુ.તા. વાંસદા
જી. નવસારી - ૩૯૬૩૨૧

તા. ૧૬/૭/૨૦૨૫
ડૉ. સુભાષ સોની,
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત રાજય સમક્ષ

(૧) સુનાવણીની તારીખ : ૧૫/૦૭/૨૦૨૫

(૨) આયોગ સમક્ષ રજૂ થયેલ કાગળોની વિગત:-

| ક્રમ | વિગત | : | તારીખ |
|---|---|---|---|
| (i) | નમૂના-કની અરજી | : | ૧૧/૦૯/૨૦૨૪ |
| (ii) | તબદીલી પત્ર | : | -- |
| (iii) | જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર | : | ૨૭/૦૧/૨૦૨૫<br>૧૪/૦૨/૨૦૨૫ |
| (iv) | પ્રથમ અપીલ | : | ૨૪/૧૨/૨૦૨૪ |
| (v) | પ્રથમ અપીલ અધિકારીનો હુકમ | : | ૧૬/૦૧/૨૦૨૫ |
| (vi) | બીજી અપીલ | : | ૨૧/૦૨/૨૦૨૫ |
| (vii) | જાહેર માહિતી અધિકારીનો અહેવાલ | : | ૩૦/૦૫/૨૦૨૫<br>૧૪/૦૭/૨૦૨૫ |
| (viii) | પ્રથમ અપીલ અધિકારીનો અહેવાલ | : | ૦૨/૦૬/૨૦૨૫ |

(૩) સુનાવણીમાં ઉપસ્થિત પક્ષકારો:-

| | | | |
|---|---|---|---|
| વિવાદી | : | | શ્રી વિપુલ મનોજભાઈ પટેલ વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે. |
| પ્રતિવિવાદી | : | (૧) | શ્રી નિકુંજકુમાર પટેલ, જાહેર માહિતી અધિકારી અને તલાટી કમ મંત્રી, દુબળ ફળિયા ગ્રામ પંચાયતની કચેરી, મું.દુબળ ફળિયા, તા. વાંસદા, જી. નવસારી વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે. |
| | | (૨) | શ્રી આર.જે.પરમાર, પ્રથમ અપીલ સત્તાધિકારી તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયતની કચેરી, મુ.તા. વાંસદા, જી. નવસારી વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે. |

(૪) **આયોગ સમક્ષ સુનાવણી અને હુકમ:-**

વિવાદી જણાવે છે કે, તેઓની અરજીના મુદ્દા ક્રમાંક-(૧)માં જણાવ્યા અનુસાર, દુબળ ફળિયા ગ્રામ પંચાયત ખાતે રવિન્દ્રભાઈ છગનભાઈના ઘરથી ઉત્તમભાઈ મંગાભાઈના ઘર તરફ જતા ડામરના રસ્તાનું નિરીક્ષણ આપવા માટેના હુકમો કરવામાં આવે.

ઉપસ્થિત રહેલ જાહેર માહિતી અધિકારી જણાવે છે કે, વિવાદીની રજૂઆત મુજબના રસ્તા સંબંધમાં તેઓ દ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકી રેકર્ડ પરની તમામ માહિતી વિવાદીને આપવામાં આવેલ છે, રસ્તાનો ઉપયોગ લોકો માટે ખુલ્લો મુકવામાં આવેલ છે.

ઉક્ત વિગતે જે કામ પૂર્ણ થયેલ હોય તે કામનું નિરીક્ષણ આપવાની બાબતનો સમાવેશ અધિનિયમની કલમ-૨(ઠ)માં આપવામાં આવેલ "માહિતીનો અધિકાર"માં થતો નથી. અધિનિયમની કલમ-૨(ઠ)માં આપવામાં આવેલ "માહિતીનો અધિકાર"ની વ્યાખ્યામાં **"Inspection of work"** નો સમાવેશ થાય છે અને આવું નિરીક્ષણ કામ ચાલુ હોય તે સમયે કરવાનું રહે છે. કોઈપણ કામ પૂર્ણ થયા બાદ તે કામ અંગેની મિલકત જાહેર જનતા માટે ખુલ્લી મુકવામાં આવે ત્યારે, તેનું નિરીક્ષણ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ઉક્ત વિગતે અપીલનો નિકાલ કરવામાં આવે છે.

સહી/-
(ડૉ. સુભાષ સોની)
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર

મુકાબલ કરનાર

પ્રમાણિત કરનાર

કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

Gujarat Information Commission
CITIZENS HAVE RIGHT TO INFORMATION
GANDHINAGAR